**કપરાડાના નામદાર જ્યુડી. મેજી. ફર્સ્ટ કલાસ, સાહેબની કોર્ટમાં, તા. કપરાડા.**

**ફોજદારી કેસ નં. ૧૫૦૦/૨૦૨૬**
**આંક–૦૫**

| ફરીયાદી |
| --- |
| ૧. શ્રી સરકાર |

**વિરૂધ્ધ**

| આરોપી |
| --- |
| ૧. નામ: જયદીપભાઇ કમલેશભાઇ પટેલ<br>રહે:– નાની વહિયાળ, આમલી ફળીયા તા.ધરમપુર જી.વલસાડ |

**ધારાશાસ્ત્રીઓ:–**

**ફરીયાદ પક્ષ તર્ફે : વિ.એ.પી.પી. શ્રી બી.એસ.ભોયે**

**આરોપી પક્ષ તર્ફે : વિ.વ.શ્રી. જે.વી.પટેલ**

**ગુન્હો:– પ્રોહીબીશન એક્ટની કલમ– ૬૬(૧)ઇ મુજબ**

**::ઠરાવ::**

(૧) ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા.૩૦/૧૨/૨૦૨૫ ના કલાક ૧૮/૨૦ વાગ્યે મોજે વારણા ચેકપોસ્ટ પાસે તા.કપરાડા જી.વલસાડ ખાતે ગુજરાત રાજ્ય પ્રોહી એરીયામા વગર પાસ પરમીટે દારુ પી પકડાઇ જઇ **પ્રોહીબીશન એક્ટની કલમ ૬૬(૧)ઇ** મુજબની શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે. ફરીયાદીની ફરીયાદને આધારે આરોપી વિરૂધ્ધ ગુનો રજીસ્ટર કરી, તપાસના અંતે આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ કરેલ છે.

(૨) આ કામના આરોપી હાજર થતાં, તેઓને પોલીસ પેપર્સની નકલો વિના મુલ્યે આપવામાં આવેલ છે. આ કામે આરોપીએ તેઓ સામેના ગુનાનો આક્ષેપ કબુલ કરતા હોવા બાબતે પુરસીસ આપેલ છે. જે અન્વયે આરોપીને તેઓ સામેના ગુનાની ગંભીરતા તથા સજાકીય જોગવાઇઓ અંગે સમજાવવામાં આવેલ છે તેમજ આરોપી ગુનો કબુલ કરવા બંધાયેલ ન હોવાનું જણાવેલ છે. તેમ છતા આરોપી તેઓને ગુનો સ્વેચ્છાએ કબુલ કરતા હોવાનું જણાવે છે અને તેઓએ આપેલ પુરસીસ માં જણાવેલ હકીકતોને વળગી રહે છે.

(૩) હાલના કામે આરોપી સામે પ્રોહીબીશન એક્ટ કલમ ૬૬(૧)ઇ અન્વયે નો આક્ષેપ મુકવામાં આવેલ છે. જેથી આરોપીને કેસ પેપર્સની નકલો આપ્યા બાદ, આરોપીની પ્લી રેકર્ડ કરવામાં આવેલ છે. જે આરોપીને વાંચી સંભળાવતાં, આરોપીએ તેની સામેના ગુનાનો સ્વીકાર કરેલ છે અને ગુનો કબુલ હોવાનું જણાવેલ છે. જે બાદ આરોપીને ગુનાની કબુલાત અંગે તેમજ

તેઓને થઇ શકતી સજા અંગે સમજાવવામાં આવેલ છે. આ કામે આરોપી તેઓની સામેના ગુન્હાની સ્વેચ્છાએ કબુલાત કરે છે. આરોપી તેઓની સામેના ગુન્હાની કબૂલાત કરી પુરસીસ રજુ કરી જણાવે છે કે. આ તેઓનો પ્રથમ ગુન્હો છે તેમજ તેઓ ગરીબ માણસ હોઇ તેમજ કુટુંબ કબીલાવાળા હોઇ અને તેના કુટુંબની દેખભાળ રાખનાર તેઓ એક માત્ર ઇસમ હોય દયા રાખી ઓછામાં ઓછી સજા કરવા અરજ કરેલ છે.

(૪) આરોપી જ્યારે તેઓ સામેનો આક્ષેપ કબુલ કરે છે, તે સંજોગો ધ્યાને લઇ, નામદાર ગુજરાત વડી અદાલતનો ગુજરાત રાજ્ય વિ. નટવર હરચંદજી ઠાકોર, ૨૦૦૫(૧) જી.એલ.આર. પાના નં.૭૦૯ ઉપર પ્રસિધ્ધ થયેલ ચુકાદો વંચાણે લીધો. સદરહું ચુકાદાના પાના નં.૭૨૧ ના પેરા નં. ૨૧ માં જણાવેલ કારણો ધ્યાને લીધા. આ કામના આરોપી કુટુંબ કબીલાવાળા છે અને તેઓ મજૂરી કરી, કુટુંબના એકમાત્ર કમાનાર ઇસમ છે તથા તેઓનો આ પ્રથમ ગુનો છે. આરોપીની સામાજીક તેમજ આર્થિક પરિસ્થિતિને ધ્યાને લઇ તેમજ ઉપરોક્ત ચુકાદામાં પ્રસ્થાપિત સિધ્ધાંતોને ધ્યાને લેતાં, આરોપીની કબુલાત બદલ પુરેપુરી સજા નહી કરતા, આરોપીને ઓછી સજા કરવાથી ન્યાય નો હેતુ જળવાય તેમ હોય નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**– ::હુકમ:: –**

આ કામના આરોપીને બી.એન.એસ.એસ. ૨૦૨૩ની કલમ– ૨૭૫ અન્વયે **પ્રોહીબીશન એકટની કલમ ૬૬(૧)ઇ** મુજબના ગુન્હામાં તકસીરવાર ઠરાવી, તેઓને સદર ગુન્હો કરવા બદલ **કોર્ટ ઉઠતા સુધીની સજા તથા રૂ.૨૦૦/–(અંકે રૂપિયા બસો પુરા)**નો દંડ કરવામાં આવે છે. જો આરોપી દંડ ન ભરે તો, તેઓને દિવસ–૧ ની સાદી કેદની સજા કરવામાં આવે છે.

હુકમ આજ તા.**૧૧ મી, માહે – જુલાઇ, સને – ૨૦૨૬** નાં રોજ ખુલ્લી અદાલતમાં સ્પેશ્યલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ:– કપરાડા
તા: ૧૧–૦૭–૨૦૨૬

( કમલેશ કિશનચંદ નાથાણી)
જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
કપરાડા, જિ. વલસાડ
Code No.GJ 01449